# એસ્ટ્રલ અને રત્નમણી મેટલ્સ પર આઈટીનું મેગા ઓપરેશન

## એસ્ટ્રલ પાઈપ્સના સંસ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર સંદિપ એન્જિનિયર, રત્નમણીના પ્રકાશ સંઘવીના ત્યાં તપાસ

અમદાવાદ, તા.૨૩

આવકવેરા વિભાગે ગુજરાતના બે નામી ગ્રુપ્સ એસ્ટ્રલ પાઈપ્સ અને રત્નમણી મેટલ્સ વિરૂદ્ધ મેગા ઓપરેશન હાથ ધર્યું છે. આવકવેરા વિભાગે અમદાવાદમાં એકસાથે ૨૫ જગ્યાઓએ રેડ પાડી છે અને અમદાવાદ, દિલ્હી, મુંબઈ જેવા અનેક શહેરોમાં તપાસ ચાલી રહી છે. આવકવેરા વિભાગે ૪૦ કરતા પણ વધારે સ્થળોએ છાપો માર્યો છે. આવકવેરા વિભાગના અધિકારીઓએ મંગળવારે સવારથી જ આ બંને દિગ્ગજ ગ્રુપ પર સપાટો બોલાવ્યો છે. એસ્ટ્રલ પાઈપ્સના સંસ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર સંદિપ એન્જિનિયરના ત્યાં તપાસ ચાલી રહી છે. તે ઉપરાંત રત્નમણી મેટલ્સના ચેરમેન પ્રકાશ સંઘવીના ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યા છે. આ બંને કંપનીના અન્ય ડાયરેક્ટર્સના ત્યાં પણ તપાસ હાથ ધરવામાં આવેલી છે. ગુજરાત સિવાય અન્ય ૧૫ સ્થળોએ સર્વે અને સર્ચની કામગીરી ચાલી રહી છે. આવકવેરા વિભાગના ૧૫૦ કરતા પણ વધારે અધિકારીઓ આ તપાસમાં જોડાયા છે. આ બંને કંપની સાથે સંકળાયેલા મોટા માથાઓના માથે પણ તવાઈ બોલી છે. ત્યારે આ દરોડામાં મોટા પાયે બેનામી વ્યવહારો બહાર આવે તેવી શક્યતા જણાઈ રહી છે.



**ગુજરાત સાહિત્ય અકાદમીનાં મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' વિશેષાંકનું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન**

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રગટ થતાં માસિક 'શબ્દસૃષ્ટિ'નાં દીપોત્સવી વિશેષાંક 'સ્વાતંત્ર્ય ભૂમિ ગુજરાત'નું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે ૨૩ નવેમ્બરનાં રોજ વિમોચન કરવામાં આવ્યું. આ વિમોચનમાં અકાદમીનાં અધ્યક્ષશ્રી વિષ્ણુ પંડયા, સચિવસુશ્રી અવંતિકા સિંઘ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગનાં નાયબ સચિવશ્રી એસ.કે. હુદા અને અકાદમીનાં મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે 'શબ્દસૃષ્ટિ'નાં દીપોત્સવી વિશેષાંકને 'સ્વાતંત્ર્ય ભૂમિ ગુજરાત' વિષય પર તૈયાર કરવામાં આવ્યો છે. આ વિશેષાંકમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં સાહિત્યકારોનું પ્રદાન, સંગ્રામનું સાહિત્ય, પ્રતિબંધિત કૃતિઓ જેવા વિષયો પર ગુજરાતનાં મૂર્ધન્ય લેખકોનાં લેખ પ્રગટ કરવામાં આવ્યા છે જેની સંખ્યા ૧૦૧ થાય છે. ગુજરાતને જાણવા માટે આ અંક સંદર્ભ ગ્રંથ બની રહેશે.

# ગુજરાતની ચેસ ટીમના ખેલાડીઓ દુબઈ ટૂર્નામેન્ટમાં રમશે

ગાંધીનગર, તા. ૨૩

આગામી તા. ૨૩ થી ૩૦ નવેમ્બર દરમ્યાન દુબઈ ખાતે વર્લ્ડ સ્કૂલ ચેસ ટૂર્નામેન્ટ યોજાશે જેમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહેલી ટીમે તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીએ આ ટીમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

ગત વર્ષે ૨૦૨૦માં કોરોના મહામારી દરમ્યાન ઓક્ટોબર માસમાં ઓનલાઈન યોજાયેલી વર્લ્ડ ચેસ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમે શાનદાર પ્રદર્શન કર્યુ હતુ. આ ટૂર્નામેન્ટમાં ૫૦ થી વધુ દેશોના ૧૬૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જે ૨૯૦ જેટલી ટીમોના સભ્યો હતા. આ ટૂર્નામેન્ટનું આયોજન વર્લ્ડ ચેસ ફેડરેશનના નેજા હેઠળ દુબઈ ખાતે સ્પેનિશ એક્સ્પો પેવિલિયન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં સળંગ એક મહિનાના અંતે રાઉન્ડ ગુજરાતની ટીમે ૨૦ માંથી ૧૯ રાઉન્ડ જીત્યાં હતા અને વિશ્વની અગ્રણી ટીમોને હરાવી હતી. હવે ઓફલાઈન ટૂર્નામેન્ટમાં કેપ્ટન વૃંદેશ પારેખના નેતૃત્વ હેઠળ ધ્યાના પટેલ, વિશ્વા વાસણવાલા, રિદ્ધી પટેલ, સાહિલ સમદાણી, કર્તવ્ય અનડકટ અને સ્વયંમદાસનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવું ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સરગાસણમાં ફ્લેટધારકે અપૂરતી સુવિધા આપનાર બિલ્ડરને સબક શીખવાડ્યો

## ફ્લેટધારકની પોણા બે વર્ષની મહેનત રંગ લાવી : રેરાએ બિલ્ડરને ૧.૧૭લાખનો દંડ ફટકાર્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સરગાસણમાં ભાનુશ્રી રિયાલિટી ગ્રુપની સ્કિમમાં ફ્લેટની ખરીદી કરનાર ગ્રાહકે બિલ્ડર દ્વારા યોગ્ય સુવિધા આપવામાં ના આવતાં રિઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીમાં ફરિયાદ કરીને પોણા બે વર્ષની લડતના અંતે ન્યાય મેળવ્યો છે. આ કેસના ચુકાદામાં રેરાએ રેરાએ બિલ્ડરને ૧.૧૭લાખનો દંડ ફટકાર્યો છે.



અમદાવાદની કોલેજમાંથી બાયો મેડિકલ એન્જિનિયરની ડિગ્રી હાંસલ કરનાર ગૌરવ જગદીશભાઈ દેસાઈ નામના નાગરિકે સરગાસણમાં આવેલી રેસિડેન્શિયલ ફ્લેટની સ્કીમમાં ભાનુશ્રી રિયાલિટી ગ્રુપના મૃગેશ ઝાલાવાડીયા પાસેથી વર્ષ ૨૦૧૯માં ત્રણ બેડરૂમ હોલ કિચન સાથેનો ફ્લેટ ખરીદ્યો હતો આ અંગેનું પેમેન્ટ પણ તેમણે જૂન ૨૦૧૯માં બિલ્ડર મૃગેશભાઈને ચૂકવી દીધું હતું. જોકે બિલ્ડર દ્વારા અગાઉ જણાવ્યાં કરતાં વિપરિત રીતે ફ્લેટમાં ખરાબ ગુણવત્તાવાળા માર્બલ, ગેસ લાઈન, ઈન્ટર કોમ, એલોટેડ પાર્કિંગ વિગેરે સુવિધાઓનો અભાવ હતો. ફ્લેટમાં પ્લાસ્ટર પણ સરખું ન હોવાથી ભેજ આવતો હતોબતેમ છતાં નવેમ્બર ૨૦૧૯માં ફ્લેટનું પઝેશન આપી દેવાયું હતું. આ બાબતે વારંવાર ફરિયાદ કરતાં બિલ્ડરે યોગ્ય જવાબ ના આપતા ગૌરવ દેસાઈએ બિલ્ડર મૃગેશભાઈ વિરુદ્ધમાં ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીમાં ફરિયાદ કરી હતી.



ગૌરવ દેસાઈએ ઓથોરિટીની વેબસાઈટ તેમજ ઈન્ટરનેટ પર વિડીયો ફોર્મેટ તૈયાર કરીને તા.૧૧ માર્ચ ૨૦૨૦માં રેરા ઓથોરિટીમાં મલ્ટીપલ ડેફિસિયન્સી અંતર્ગત ફરિયાદ દાખલ કરી દીધી હતી પરંતુ કોરોના મહામારીના કારણે હિઅરીંગ શકય બન્યું નહોતું અને છેક તા.૧૩ જુલાઈ ૨૦૨૦ના રોજ પહેલું હિઅરીંગ થયું હતું. અરજદારને રેરા દ્વારા બિલ્ડર વિરુદ્ધ વધુ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવાનો આદેશ કરાયો હતો જેથી 'ગુડા' એપ્રુવડ અમદાવાદની ખાનગી એજન્સીનો સંપર્ક સાધ્યો હતો અને ફ્લેટ પર સર્વે માટે બોલાવી હતી. ઉપરાંત કારીગરો પાસેથી કામ કરાવ્યા અંગેની વિગતોના દસ્તાવેજી પુરાવા એકત્ર કર્યા હતા. જે પુરાવા રેરામાં સબમીટ કરી દીધા હતા. જો કે રેરામાં અનેક મુદત સુધી બિલ્ડર તરફથી કોઈ હાજર પણ રહ્યું ન હતું.

આ લડતમાં અરજદારે સોસાયટીના લોકોની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો પરંતુ તેમણે નમતું જોખ્યાં વગર લડત આપી હતી. કેસ લડવામાં એક વર્ષ સાત મહિનાથી વધુ સમય વીતી ગયો હતો છેવટે દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈને રેરા ઓથોરિટીએ ભાનુશ્રી રિયાલિટીનાં મૃગેશ ઝાલાવાડીયા (રહે. અનુપમ કોલોની, બાપુનગર) ને કલમ ૧૪(૩) રિયલ એસ્ટેટ અધિનિયમ, ૨૦૧૬ની જોગવાઈઓ હેઠળ ગૌરવને વળતર પેટે રૂ. ૯૨ હજાર તેમજ



ફરિયાદની તારીખથી વસુલાતની તારીખ સુધી ૭ ટકા વત્તા ૨ ટકાના દરે વ્યાજ ચૂકવવા ઉપરાંત માનસિક ત્રાસ અને હાલની કાર્યવાહીના અન્ય ખર્ચ પેટે પણ રૂ. ૧૧ હજાર ચૂકવવા હુકમ કર્યો હતો.

# પ્રવેગ : Q2ના નફામાં ૪૦૦ ટકાનો વધારો, આવક ૨૬૦ ટકા વધી

પ્રવેગ કોમ્યુનિકેશન્સ (ઈન્ડિયા) લિમિટેડ એ તેના જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૧ ક્વાર્ટરના પરિણામોની જાહેરાત કરી, જેમાં કંપની દ્વારા રૂ. ૧૬૯.૩૪ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો, જે ગયા વર્ષના સમાન સમયગાળાના રૂ. ૪૬.૩૩ લાખના ચોખ્ખા નફાની સરખામણીમાં લગભગ ચાર ગણો વધારે છે.

ચાલુ નાણાંકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં પ્રવેગની આવક રૂ. ૮૯૧.૩૪ લાખ થઈ છે. જે ગયા વર્ષના સમયગાળામાં રૂ. ૩૪૧.૪૫ લાખ હતી, આમ કંપનીની આવકમાં ૨૬૦ ટકાનો વધારો થયો છે. કંપની દ્વારા સ્ટોક એક્સચેન્જમાં ઉપર મુજબની માહિતી આપવામાં આવેલ હતી.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર પારસ પટેલે જણાવ્યું હતું કે ઊર ના આંકડાઓ અમારી અપેક્ષાઓ મુજબના છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે કંપનીના વ્યૂહાત્મક વિસ્તરણ અને મજબૂત ફંડામેન્ટલ્સે આવી મહત્વપૂર્ણ વૃદ્ધિ હાંસલ કરવામાં અગત્યની ભૂમિકા ભજવી છે.

પ્રવેગ કોમ્યુનિકેશન્સ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ગુજરાત રાજ્ય સરકાર, મોટા કોર્પોરેટ અને પ્રખ્યાત ઉદ્યોગસાહસિકો સહિત વિશાળ ગ્રાહકોને સેવાઓ પુરી પાડતી એડવર્ડટાઈઝિંગ અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની તરીકે શરૂઆત કરી હતી. જે છેલ્લા ૧૫ વર્ષથી વધુ સમયથી કાર્યરત છે. કંપની પાસે એક વૈવિધ્યસભર પોર્ટફોલિયો છે જેમાં ઈવેન્ટ્સ અને એક્ઝિબિશન મેનેજમેન્ટ, ટુરિઝમ અને હોસ્પિટાલિટી તથા રિયલ એસ્ટેટ માર્કેટિંગ સેવાઓનો સમાવેશ થાય છે.

# અખિલ ભારતીય મુલ્કી સેવા સ્પર્ધા ૨૦૨૦-૨૧માં ગુજરાતને ત્રણ ઈનામ

## ગુજરાત સચિવાલય ટીમના ગરબાને દ્વિતીય, શાસ્ત્રીય નૃત્યને દ્વિતીય અને શાસ્ત્રીય વાંસળી વાદનને ત્રીજુ સ્થાન

ગાંધીનગર, તા.૨૩

આશરે ૧૩ વર્ષ બાદ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય સિવિલ સેવા સાંસ્કૃતિક અને રમત-ગમત બોર્ડ દ્વારા અખિલ ભારતીય મુલ્કી સેવા ગીત – સંગીત અને નૃત્ય સ્પર્ધા ૨૦૨૦-૨૧નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત સચિવાલય ટીમે લીધો હતો. સ્પર્ધામાં દરેક સ્પર્ધકે અદભૂત કલા દર્શન કરાવી ગુજરાતનું નામ રાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યું છે.

ગુજરાતના પ્રાચીન ગરબામાં સચિવાલયના અધિકારી તથા કર્મચારી બહેનોએ ભાગ લીધો હતો જેમાં તેઓને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું હતું. આ ગરબામાં સામાન્ય વહિવટ વિભાગના નાયબ સેક્શન અધિકારી કવિતાબેન પરમાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ વિભાગના નાયબ સેક્શન અધિકારી હર્ષાબેન દાફડા, વૈધાનિક અને સાંસદીય બાબતોનો વિભાગના ભાષાંતરકાર મીરાબેન નિરંજની, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ વિભાગના નાયબ સેક્શન અધિકારી જીજ્ઞાસાબેન ખરાડી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ વિભાગના નાયબ સેક્શન અધિકારી મિત્તાલબેન વસાવા, સામાન્ય વહિવટ વિભાગના નાયબ સેક્શન અધિકારી હર્ષલબેન પટેલ, શ્રમ અને રોજગાર વિભાગના નાયબ સેક્શન અધિકારી મેઘાવીબેન પટેલ તેમજ શિક્ષણ વિભાગના નાયબ સેક્શન અધિકારી ગીતાબેન ભરવાડએ ગુજરાતના ગરબાની કલા રાષ્ટ્રીય કક્ષાએ રજુ કરી હતી. આ સાથે શાસ્ત્રીય વાંસળી વાદનમાં રજીસ્ટ્રાર સહકારી મંડળીઓના નાયબ રજીસ્ટ્રાર ચંદ્રકાંતભાઈ બી. કોટેચાને તૃતિય સ્થાન પ્રાપ્ત થયું છે તેમજ શાસ્ત્રીય નૃત્ય - ભારતનાટ્યમમાં ગૃહ વિભાગના નાયબ સેક્શન અધિકારી કુ. રિદ્ધિ એન. ગુપ્તેને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે.

# જીપીએસસીની ૧૯મીની પરીક્ષા ૨૬ ડિસેમ્બરે યોજાશે

## ગુજરાત જાહેર સેવા આયોગના પરિપત્ર મુજબ વહીવટી સેવા વર્ગ-૧ની પરીક્ષા ૧૬ ડિસેમ્બરના રોજ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચુંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે, જેના કારણે તેની સીધી અસર જીપીએસસીની પરીક્ષાઓ પર પડી છે. જીપીએસસીની પ્રાથમિક પરીક્ષાની તારીખોમાં ફેરફાર થયો હોવાની માહિતી મળી રહી છે. તમને જણાવી દઈએ કે અગાઉ ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ જીપીએસસીની પ્રાથમિક પરીક્ષા યોજાવાની હતી. પરંતુ હવે તારીખ પાછી ઠેલાઈ છે. જીપીએસસીની પ્રાથમિક પરીક્ષા ૨૬ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ યોજાશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે જીપીએસસીની પ્રાથમિક પરીક્ષાની તારીખોમાં ધરખણ ફેરફાર કરવામાં આવ્યો છે. જેના કારણે હવે ૧૯ ડિસેમ્બરે યોજાનારી પરીક્ષા હવી સીધી ૨૬ ડિસેમ્બર એટલે કે ગ્રામ પંચાયતોની ચૂંટણી પછી યોજાશે. હાલ તેને લઈને ગુજરાત જાહેર સેવા આયોગે એક પરિપત્ર બહાર પાડ્યો છે. જેમાં જીપીએસસીની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરાયો હોવાનો ઉલ્લેખ કરાયો છે. ગુજરાત જાહેર સેવા આયોગના પરિપત્ર મુજબ વહીવટી સેવા વર્ગ-૧ની પરીક્ષા ૧૬/૧૨ના યોજાશે. નપા મુખ્ય અધિકારી-૨ની પરીક્ષા ૧૬/૧૨ના યોજાશે. મદદનીશ નિયામક-૨ની પરીક્ષા ૨ જાન્યુઆરીના યોજાશે.

આંકડાકીય સેવા વર્ગ-૧ની પરીક્ષા ૨ જાન્યુઆરી ૨૦૨૨ના યોજાશે અને જુનિયર ટાઉન પ્લાનરની પરીક્ષા ૯ જાન્યુઆરીના રોજ યોજવાનો નિર્ણય કરાયો છે. ગુજરાત જાહેર સેવા આયોગે પરિપત્ર પ્રમાણે નીચે મુજબની પરીક્ષામાં ફેરફાર કર્યો. વહીવટી સેવા વર્ગ-૧ની પરીક્ષા ૧૬/૧૨ના યોજાશે , નપા મુખ્ય અધિકારી-૨ની પરીક્ષા ૧૬/૧૨ના યોજાશે, મદદનીશ નિયામક-૨ની પરીક્ષા ૨ જાન્યુઆરીના યોજાશે, આંકડાકીય સેવા વર્ગ-૧ની પરીક્ષા ૨ જાન્યુઆરીના યોજાશે, જુનિયર ટાઉન પ્લાનરની પરીક્ષા ૯ જાન્યાઆરીના યોજાશે.

### પ્રતિબંધ લદાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફ્રાન્સના સરકારી પ્રવક્તાએ મીડિયાને જણાવ્યું કે, પાંચમી વેવ પ્રકાશની ગતિએથી આગળ વધી રહી છે. જર્મનીમાં સાત દિવસના કોરોના સંક્રમણનો દર મહામારી શરૂ થયાના સમયથી સૌથી ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયો છે, રવિવારે સતત ૧૪માં દિવસે આ રેટ ૩૭૨.૭ ટકા નોંધાયો હતો. અને અમુક વિસ્તારોમાં આ રેટ ૧૦૦૦ને પાર થઈ ચૂક્યો છે. ગત ડિસેમ્બરમાં મહામારીની ત્રીજી વેવનો રેટ ૧૯૭.૬ હતો. જર્મનીમાં અત્યાર સુધીમાં કુલ ૫.૩૫ મિલિયન કેસ નોંધાઈ ચૂક્યા છે, જ્યારે ૯૯,૦૬૨ લોકોનાં મોત નિપજ્યા છે. કોરોના વાયરસના સંક્રમણને ઘટાડવા માટે ઓસ્ટ્રેલિયામાં સોમવારે દેશવ્યાપી લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. અને ૨૦ દિવસ સુધી લોકડાઉન લાગુ રહેશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે, ૧૦ દિવસ બાદ ફરીથી કોરોનાની સ્થિતિને ધ્યાને લઈ લોકડાઉન અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. પશ્ચિમ યુરોપમાં ઓસ્ટ્રિયામાં સૌથી ઓછું રસીકરણ થયું છે. કોરોનાનાં કેસો વધવાને કારણે ફરીથી પ્રતિબંધો લગાવવામાં આવી રહ્યા છે. પણ ગત વખત કરતાં આ વખતે લોકો આ પ્રતિબંધોનો ભારે વિરોધ કરી રહ્યા છે. પ્રદર્શનોમાં વેક્સિનનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર બ્રસેલ્સમાં કોરોનાના પ્રતિબંધોના વિરોધમાં ૩૫ હજારથી વધુ લોકો જોડાયા હતા. લોકોની માગ હતી કે, જેમણે રસી લીધી છે તેઓને બાર અને રેસ્ટોરાં જેવી જગ્યાઓએ પ્રવેશ આપવામાં ન આવે. પ્રદર્શનકારીઓએ આગચંપી કરી હતી અને સાથે સાથે પોલીસ વાન ઉપર પણ હુમલો કર્યો હતો. આ ઉપરાં ડચ શહેરોમાં પણ હિંસક દેખાવો યોજાયા હતા. ગ્રોનિન્જન અને લિયુવોર્ડનમાં પ્રદર્શનકારીઓ દ્વારા આતશબાજી કરવામાં આવી હતી અને સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ગત શુક્રવારની રાત્રે રોટરડેમમાં સ્થિતિ બેકાબૂ બની હતી. નવેમ્બર ૧૩ના રોજ નેધરલેન્ડ દ્વારા આંશિક લોકડાઉન લગાવવામાં આવ્યું છે. અને જેમણે વેક્સિન લીધી નથી તેઓને બાર અને રેસ્ટોરાં જેવી જગ્યાઓએ પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઓસ્ટ્રિયાના લિંઝ શહેરમાં આંશિક લોકડાઉનના વિરોધમાં અંદાજે ૬૦૦૦ લોકો એકઠાં થયા હતા, જેના એક દિવસ અગાઉ વિયેના શહેરમાં ૪૦ હજાર લોકોએ પ્રદર્શન કર્યું હતું. દેશના ઈન્ટિરિયર મિનિસ્ટર કાર્લ નેહમારે જણાવ્યું કે, એન્ટી કોરોના વાયરસના પ્રદર્શન કટ્ટરપંથી છે. જમણેરી અને નિયો નાઝી દ્વારા આ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે.

### બદલાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પી.જી. પરમાર મ.ખે.નિ. વિસ્તરણને મ.ખે.નિ. બીજ ચકાસણી તરીકે ગાંધીનગર મુકવામાં આવ્યા છે. અનીશ ભટ્ટને મ.ખે.નિ. (અ.ખે.વિ.) તેમને મદદનીશ ખેતી નિયામક મહેસાણા તરીકે અને ભાવેશ પટેલ મ.ખે.નિ.ને મ.ખે.નિ. હિંમતનગર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

જિલ્લામાંથી આજે એક સાથે પાંચ અધિકારીઓની બદલી થતાં પંચાયત સંકુલમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો. આગામી સપ્તાહમાં નવા નિમાયેલા અધિકારીઓ તેમનો ચાર્જ સંભાળશે તેમ જાણવા મળેલ છે.

### ટીમ સજ્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગ દ્વારા પણ માર્ગ સુધારણા અને બ્યુટીફિકેશનના કામોને મંજુરી આપવામાં આવી છે. જેમાં માર્ગો વચાળેના સેન્ટ્રલ વર્જ, સ્વર્ણિમ પાર્કની ફરેત લગાવાયેલી લોખંડની ગ્રીલને પણ કલર કરાશે. શહેરના મુખ્યમાર્ગોની સફાઇ કરવાની સાથે સેન્ટ્રલ વર્જમાં પડેલા ગાબડા પણ દુર કરાશે. આ ઉપરાંત રંગબેરંગી ફુલો નિખરે તે માટે પ્લાન્ટેશન કરાશે. માર્ગોની સુધારણા , ફુટપાથ તેમજ બ્યુટિફિકેશનના કામો હાથ ધરવા માટે અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે.

# લગ્ન સીઝન શરૂ થતાં જ ચોરી કરતી ગેંગ સક્રિય થઈ

## લગ્નની સીઝન શરૂ થતાંની સાથે પ્રસંગ દરમિયાન દાગીના-પૈસાની ચોરી કરતી ટોળકી સક્રિય થઈ છે

અમદાવાદ,તા.૨૩

માર્ચ, ૨૦૨૦માં કોરોના મહામારીની એન્ટ્રીથી રાજય સરકારે લાગુ કરેલા પ્રતિબંધોના કારણે ઘણા લોકોએ તેમના લગ્ન પ્રસંગને પાછળ ઠેલવ્યા હતા. કોરોના મહામારીની પહેલી અને બીજી લહેરમાં પણ લગ્નમાં માત્ર ૫૦ મહેમાનોને જ આમંત્રિત કરવાની છૂટ હતી. જો કે, છેલ્લા કેટલાક મહિનાથી કેસ ઘટતા અને સરકારે છૂટ આપતાં આગામી કેટલાક મહિનામાં હજારોની સંખ્યામાં લગ્નપ્રસંગ યોજાવાના છે. જેની શરૂઆત દેવદિવાળીથી થઈ ગઈ છે. શહેરના તમામ હોલ, પાર્ટી પ્લોટ અને હોટેલ પેક જોવા મળી રહી છે. લગ્ન પ્રસંગ હોય ત્યાં દાગીના અને પૈસા તો હોવાના જ. આ દરમિયાન તેની ચોરી કરતી ગેંગ પણ સક્રિય થઈ છે. અમદાવાદમાં બે વર્ષ પહેલા કે જ્યારે કોરોના નહોતો ત્યારે પાર્ટી પ્લોટમાં લગ્ન દરમિયાન દાગીના કે પૈસા ભરેલી બેગની ટોળકીએ ચોરી કરી હોય તેવા અનેક કિસ્સા અને તેના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા અમદાવાદમાં ફરીથી લગ્નની સીઝન જામી છે ત્યારે ચોર ગેંગ સક્રિય થઈ છે. બે વર્ષ પહેલાની જ વાત કરીએ તો વસ્ત્રાપુરમાં એક લગ્ન પ્રસંગ દરમિયાન કન્યાના પરિવારની નજર ચૂકવીને એક છોકરો દાગીના ભરેલું પર્સ લઈને રફૂચક્કર થઈ ગયો હતો. સીસીટીવી ફૂટેજ ચેક કરતાં તે માંડ ૧૦-૧૨ વર્ષનો હોવાનું સામે આવ્યું હતું. જેને પોલીસે ઝડપી લીધો હતો. વસ્ત્રાપુરમાં ચોરી એ માત્ર એક કિસ્સો નહોતો. તે સમયે શહેરના જુદા-જુદા પોલીસ સ્ટેશનમાં દાગીના તેમજ પૈસા ભરેલી બેગ ચોરાઈ ગઈ હોવાની ફરિયાદ રોજે-રોજ નોંધાતી હતી. આ વર્ષે આવી ઘટના કોઈની સાથે ન બને તે માટે પોલીસે ખાસ સાવચેતી રાખવાની સલાહ આપી છે. શહેરના સીનિયર પોલીસ અધિકારીના કહેવા પ્રમાણે, તમામ હોટેલ, પાર્ટી પ્લોટ અને હોલ કે જ્યાં લગ્ન સમારોહ યોજાવાનો હોય ત્યાં તેમના સંચાલકોએ પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ અને સિક્યુરિટી સિસ્ટમ વ્યવસ્થિત રાખવી જોઈએ. સેકટર-૧ના જોઈન્ટ પોલીસ કમિશનર રાજેન્દ્ર અંસારીએ કહ્યું હતું કે, 'લગ્નની સીઝન શરૂ થઈ ત્યારથી જ શહેરની તપાસ પોલીસને વધુ એલર્ટ થઈ જવાની સૂચના આપવામાં આવી છે. લગ્ન ચાલતા હોય ત્યાં વધારે પેટ્રોલિંગ કરવા અને આવા ગુનામાં સંડોવાયેલા તત્વો પર વોચ રાખવા માટે તાકીદ કરવામાં આવી છે. જેમના ઘરે લગ્ન હોય તેમણે પણ વધારે સાવચેત રહેવું કે જેથી આવી ઘટના બને નહીં'.

### પ્રવેશ અપાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને એ.એસ. બોપન્નાએ આ મામલામાં દખલગીરી કરી આઈઆઈટીને દલિત વિદ્યાર્થીને ચાર વર્ષના સિવિલ એન્જિનિયરિંગના કોર્સમાં એડમિશન આપવા આદેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા અનેક વિદ્યાર્થીઓ ઈન્ટરનેટની પુરતી સુવિધા ના હોવાના કારણે ફી ભરવા ઉપરાંત અન્ય પ્રક્રિયા પૂરી કરવામાં પારાવાર મુશ્કેલી અનુભવે છે. પરંતુ તેના લીધે તેમને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થામાં એડમિશન ના મળી શકે તે બાબત યોગ્ય નથી. કેસમાં અલ્હાબાદમાં ભણતા પ્રિન્સ જૈબિર સિંઘ નામના વિદ્યાર્થીએ જેઈઈ એડવાન્સમાં ઓલ ઈન્ડિયામાં ૨૫,૮૬૪મો રેંક પ્રાપ્ત કર્યો હતો, અને એસસી કેટેગરીમાં તેનો રેંક ૮૬૪મો હતો. ૨૭ ઓક્ટોબરના રોજ સિવિલ એન્જિનિયરિંગમાં સીટ એલોટ કરવામાં આવી હતી. આઈઆઈટી બોમ્બેનું પોર્ટલ એડમિશનની પ્રોસેસ પૂરી કરવા અને ફી ચૂકવવા માટે ૩૧ ઓક્ટોબર સુધી ખૂલ્લું હતું. ૨૯ નવેમ્બરે પ્રિન્સે જરુરી દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરી દીધા હતા. આખરે તેણે બહેન પાસેથી પૈસા ઉછીના લઈને ૩૦ ઓક્ટોબરના રોજ ઓનલાઈન ફી ભરવા પ્રયાસ કર્યો હતો. પરંતુ ૧૦-૧૨ વાર ટ્રાય કર્યા બાદ પણ તે ફી નહોતો ચૂકવી શક્યો. આખરે ૩૧ ઓક્ટોબરે તેણે ફરી પ્રયાસ કર્યો હતો, પરંતુ તે વખતે પણ તેને સફળતા નહોતી મળી. તેણે આઈઆઈટીમાં અનેકવાર ફોન પણ કરી જોયા, પરંતુ ત્યાં પણ તેની વાત નહોતી થઈ શકી. આખરે તે ભાડાં માટે પણ પૈસાની વ્યવસ્થા કરીને ખડગપુરમાં આવેલી સેન્ટ્રલાઈઝ્ડ એડમિશન ઓથોરિટી સમક્ષ પહોંચ્યો હતો.